**Navgujarat Samay**

EDII

February 28, 2019
Pg.5

# સ્ટેટ રેટિંગમાં GTU પ્રથમ, ગુજરાત યુનિ. ચોથા ક્રમે : ફાઈવ સ્ટાર સાથે સેંટ ઝેવિયર્સ કોલેજ પ્રથમ

## » સૌરાષ્ટ્ર અને સરદાર પટેલ યુનિ. કરતાં ગુજરાત યુનિવર્સિટી પાછળ

**નવગુજરાત સમય** > અમદાવાદ

રાજ્યમાં આવેલી જુદી જુદી યુનિવર્સિટી અને કોલેજોના રેટિંગ જાહેર કરી દેવાયા છે. જેમાં રાજ્યની એકપણ યુનિવર્સિટી ફાઈવ સ્ટાર મેળવી શકી નથી. ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)એ કુલ 90માંથી 61.47 સ્કોર અને 3.59 સીજીપીએ મેળવીને ફોર સ્ટારમાં સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત આ રેટિંગ પ્રક્રિયામાં પહેલું સ્થાન મેળવ્યું છે. જ્યારે એક સમયે રાજ્યની સૌથી મોટી ગણાતી ગુજરાત યુનિ.એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કરતાં પાછળ રહીને ચોથું સ્થાન મેળવ્યું છે.

MHRDના નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્કના ધારાધોરણોના આધારે ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્કનો પ્રારંભ કરાયો હતો. MHRDએ શરૂ કરેલા કાર્યક્રમના ધારાધોરણો પ્રમાણે 13 પ્રકારની કામગીરીના સ્કોરના આધારે સીજીપીએ અને સ્ટાર અપાયા હતા.ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્કમાં 21 યુનિવર્સિટીઓ અને 55 કોલેજોએ ભાગ લીધો હતો. આજે જાહેર કરાયેલા રેટિંગમાં યુનિવર્સિટી કેટગરીમાં 5માંથી 4 સ્ટાર મેળવનારી 11 યુનિવર્સિટીઓમાં 4 સરકારી, 4 સરકારી સેક્ટોરલ અને 3 પ્રાઈવેટ યુનિ.નો સમાવેશ થાય છે. આજે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આ રેટિંગની જાહેરાત કરી હતી. યુનિ. કેટગરીમાં પ્રથમ ત્રણ ક્રમમાં ગુજરાત યુનિવર્સિટી સ્થાન મેળવી શકી નથી.

ગુજરાત યુનિ.દ્વારા કરોડો રૂપિયાના રિનોવેશનના કામો હાથ ધરાયા છે. રેટિંગ સાથે જોડાયેલા સૂત્રો કહે છે વિદ્યાર્થીલક્ષી કશું નક્કર ન હોવાથી ચોથા રેંકમાં પહોચી ગઈ છે. આજ યુનિવર્સિટી સાથે જોડાયેલી એમ.જી. સાયન્સ કોલેજ કોલેજ કેટેગરીમાં 10માં સ્થાને આવી છે. જ્યારે ઓટોનોમસ જાહેર કરેલી સેંટ ઝેવિયર્સ કોલેજ ફાઈવ સ્ટાર સાથે રાજ્યમાં પ્રથમ આવી છે.

## કઇ યુનિવર્સિટી કયા સ્થાને આવી

| ક્રમ | યુનિ. | સ્કોર(90માંથી) | સીજીપીએ | સ્ટાર |
|---|---|---|---|---|
| 1 | ગુજરાત ટેક્નો. યુનિ. | 61.47 | 3.59 | 4 |
| 2 | સરદાર પટેલ યુનિવર્સિટી | 61.29 | 3.58 | 4 |
| 3 | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | 61.94 | 3.56 | 4 |
| 4 | ગુજરાત યુનિવર્સિટી | 60.73 | 3.55 | 4 |
| 5 | નિરમા યુનિવર્સિટી | 60.61 | 3.54 | 4 |
| 6 | જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિ. | 54.18 | 3.17 | 4 |
| 7 | ચરોતર યુનિવર્સિટી | 53.95 | 3.15 | 4 |
| 8 | ધીરૂભાઇ અંબાણી યુનિ. | 52.87 | 3.09 | 4 |
| 9 | ગુજરાત ફોરેન્સિક યુનિ. | 51.72 | 3.02 | 4 |
| 10 | નવસારી એગ્રીકલ્ચર યુનિ. | 51.45 | 3.01 | 4 |

## ટોપ 10માં સ્થાન મેળવનારી કોલેજો !

| | | | | |
|---|---|---|---|---|
| 1 | સેંટ ઝેવિયર્સ કોલેજ | 69.46 | 4.06 | 5 |
| 2 | ઇડીઆઇ | 62.53 | 3.66 | 4 |
| 3 | ઇન્સ્ટિ. ઓફ એડવાન્સ | 62.36 | 3.65 | 4 |
| 4 | ગર્વમેન્ટ ડેન્ટલ કોલેજ | 60.7 | 3.55 | 4 |
| 5 | દિશા પટેલ કોલેજ,નડિયાદ | 57.18 | 3.34 | 4 |
| 6 | એ.વી. પટેલ સા. કોલેજ | 56.18 | 3.31 | 4 |
| 7 | MV-NV વીરાણી સા. કોલેજ | 55.86 | 3.27 | 4 |
| 8 | ક્રિસ્ટ કોલેજ, રાજકોટ | 55.18 | 3.23 | 4 |
| 9 | વિઠ્ઠલભાઇ પટેલ સા. કોલેજ | 54.56 | 3.19 | 4 |
| 10 | એમ.જી. સાયન્સ કોલેજ | 54.35 | 3.18 | 4 |